


# પુરુષોતમ પ્રગટ મળ્યા

# : પુરુષોત્તમ પ્રગટ મળ્યા :

ભગવાન સ્વામિનારાયણના સંતકવિઓ દ્વારા રચિત અને
બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના
સંતો દ્વારા ગવાયેલાં પ્રાપ્તિનાં ભજનોનું ઓડિયો આલ્બમ



પ્રેરક : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

# ટ્રેક ૧ : પ્રસ્તાવના

સાધુ આત્મતૃપ્તદાસ

# આશીર્વાદ

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

# મંગલાચરણ

(હરિગીત)

મહારાજ! આપની અતિ કૃપા નિજ ધામથી અહીં અવતર્યા,
તેથી અધિક કરુણા ગુણાતીત સંત માંહિ પ્રગટ રહ્યા;
અમ ભાગ્યનો તો પાર નહિ નિજના ગણી ખોળે લીધા,
નિશ્ચય કરાવી છતી દેહે ધામનાં સુખ દઈ દીધાં.
હે હરિ નમું, અક્ષર નમું, નમું ભગતજી શાસ્ત્રીજીને;
નમું યોગીજી, નમું પ્રમુખજી, નમું પ્રગટ મહંતસ્વામીને.

કવિ : સાધુ મધુરવદનદાસ
ગાયકો : સાધુ મધુરવદનદાસ, સાધુ ગુરુદર્શનદાસ,
સાધુ કેશવકીર્તનદાસ, સાધુ નારાયણકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૨ : સહજાનંદ સિન્ધુ રે, આજ મારે ઊલટ્યા રે...

સહજાનંદ સિન્ધુ રે, આજ મારે ઊલટ્યા રે;
ભાંગી મારી ભવોભવની ભૂખ,
કંગાલપણું તે રે, બેની મારું કાઢિયું રે;
દૂર કીધું દાળીદર ને દુઃખ... સહજાનંદ. ટેક

આનંદની લહેરું રે, તેમાં અતિ ઘણી રે,
મરજીવા કરે છે તેમાં મોજ,
મુઠડીને ભરી રે, જેણે મુક્તાફળની રે;
ભાંગી બેઠા જન્મ-મરણની ભોજ... સહજાનંદ. ૧

નવનિધિની રે, નથી મારે વાંછના રે;
સિદ્ધિ તે સામું હવે શીદ જોય,
સરવેનું કારણ રે, મળિયા ચિંતામણિ રે;
હવે જે જે ચિંતવીએ તે હોય... સહજાનંદ. ૨

અનાથ અભાગી રે, બાઈ જો અમે નહિ રે;
અમે છીએ સભાગિયા શાહુકાર,
રંક ટાળીને રે કીધા અમને રાજવી રે;
દીન ટાળી કીધા છે જો દાતાર... સહજાનંદ. ૩

માલ અતોલ રે, બાઈ અમ પાસ છે રે;
તેણે હું તો મગન રહું મન માંય,
નિષ્કુળાનંદ રે, આનંદ અતિ ઘણો રે;
શી રે કહું સુખ તણી જો સીમાય... સહજાનંદ. ૪

**કવિ :** સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી
**ગાયકો :** સાધુ શોભિતસ્વરૂપદાસ, સાધુ ગુરુદર્શનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૩ : મારા હૃદિયામાંય, રાત દિવસ એક રટના...

મારા હૃદિયામાંય, રાત દિવસ એક રટના સહજાનંદની;
દ્રગ આય વસી, સુંદર શ્યામ સ્વરૂપ છબી જગવંદની... ટેક

દિલ છૂટી આંટી ડગમગની, મેલી મરજાદા સર્વે જગની;
મારી લાગી એ સાથે લગની... મારા. ૧

જે એ સાથે લગની લાવે, તેની જન્મ-મરણ સંસૃતિ જાવે;
ભાગ્ય બડાં હોય તેને ભાવે... મારા. ૨

મેં તો ઓથ ગ્રહી અવિચળ એની, મુને આશ નહીં બીજા કેની;
એ વિના બીજું કાંઈ છે ની... મારા. ૩

એ વસ્તુ વેચાયે નહીં કોઈ હાટે, મિલે નહીં દીધાં દ્રવ્ય માટે;
બ્રહ્માનંદ કહે એ તો શિર સાટે... મારા. ૪

કવિ : સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી
ગાયકો : સાધુ સારંગકીર્તનદાસ, સ્વસ્તિક ભગત અને ગાયકવૃંદ

# ટ્રેક ૪ : મુને મળિયા પુરુષોત્તમરાય...

મુને મળિયા પુરુષોત્તમરાય, રોક્યો કેનો નવ રહું;
કઠણ વેળા અંતકાળની, વિષસમ વિષય વિકરાળ.
રોક્યો... ટેક

સદ્‌ગુરુ શબ્દની શારડી, ઊતરી આરમપાર;
આત્મારામ ઓળખાવિયા, અક્ષરાતીત આ વાર.
રોક્યો... ૧

ઇન્દ્રિયારામ મટી આ સમે, થઈ ગયા આત્મારામ;
બ્રહ્મવિદ્યા ભણી ભેટીયા, શ્રીસહજાનંદ સુખધામ.
રોક્યો... ૨

ધામ સ્વરૂપ પોતાતણું, શ્રીહરિ પોતે સાકાર;
પ્રભુપદ પ્રીત ઉપાસના, પય મિસરી એકતાર.
રોક્યો... ૩

ક્યાં મુક્ત ક્યાં શ્રીહરિ, કીડી કુંજર મેળાપ;
નિષ્કુળાનંદ ચેતી ગયા, મટે ભવના તાપ.
રોક્યો... ૪

કવિ : સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી
ગાયક : સાધુ મધુરવદનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૫ : મહાસુખ મુજને રે હો આપ્યું...

મહાસુખ મુજને રે હો આપ્યું, સંકટ જન્મ-મરણનું કાપ્યું. ટેક

પુણ્ય પૂરવને રે હો મળિયા, મળતાં તાપ હૃદયના ટળિયા... ૧

દરશન દુર્લભ રે હો પામી, હવે મારી સકળ વેદના વામી... ૨

આનંદ ઉરમાં રે હો ભારી, હવે હું ન રહું કોઈની વારી... ૩

હરિસંગ હેતે રે હો બંધાણી, હવે મુને ન ગમે બીજી વાણી... ૪

અખંડ એવાતણ રે હો દીધું, કહે મુક્તાનંદ કારજ સીધું... ૫

કવિ : સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી
ગાયકો : સાધુ શોભિતસ્વરૂપદાસ, સાધુ ગુરુદર્શનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૬ : વારી જાઉં વહાલાજીને વારણે...

વારી જાઉં વહાલાજીને વારણે, સુખદાયક રે વહાલો સુંદર શ્યામ; જાઉં ટેક.
મારા ઉરમાં વસ્યો અલબેલડો, મને કીધી રે વહાલે પૂરણકામ. જાઉં ૧
ઘેર બેઠાં મળ્યા મને માવજી, મારા પુણ્યનો રે નહિ વાર ને પાર. જાઉં. ૨
મારે અડસઠ તીરથ સર્વે મળ્યા, વર પામી રે પુરુષોત્તમ નાથ; જાઉં. ૩
મારે પાર આવ્યો ભવ પંથનો, મારો સાહ્યો રે શામળિયેજી હાથ. જાઉં. ૪
સુખ આપ્યું અખંડ અલબેલડે, પધાર્યા રે મારે મંદિર આજ; જાઉં. ૫
પ્રેમાનંદના નાથને ભેટતાં, મારાં સરિયાં રે બેની સર્વે કાજ. જાઉં. ૬

કવિ : સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી
ગાયક : સાધુ કેશવકીર્તનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૭ : હાં રે મેં તો નિરખ્યા નેણાં ભરી...

હાં રે મેં તો નિરખ્યા નેણાં ભરી નાથને જી હો,
જન્મ સુફ્લ થયો માયેરો;
હાં રે મારો ઝાલી હરિવરે હાથને જી હો,
તાણી લીધો ભવ બાહેરો. જન્મ. ધ્રુવ

હાં રે પુરુષોત્તમ પ્રગટ મુજને મળ્યા,
હાં રે મારાં જન્મ-મરણ દુઃખડાં ટળ્યાં જી હો... જનમ સુફ્લ ૧

હાં રે મેં તો જપ તપ વ્રત કાંઈ ન કર્યાં,
હાં રે ઘેર બેઠાં મારાં કારજ સર્વે સર્યાં જી હો... જનમ સુફ્લ ૨

હાં રે મેં તો લોકતણી લાજને મેલી પરી,
હાં રે મેં તો શિરને સાટે વર્યા હરિ જી હો... જનમ સુફ્લ ૩

હાં રે પ્રેમાનંદના નાથની મૂર્તિ,
હાં રે હવે નિમખ ન મેલું મારા ઉરથી જી હો... જનમ સુફ્લ ૪

કવિ : સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી
ગાયકો : સાધુ પ્રણવમુનિદાસ, સાધુ ભજનપ્રિયદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૮ : બોલ્યા શ્રીહરિ રે...

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સહુને સંભળાવ્યાનું છે મન... ૧

મારી મૂરતિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત... ૨

મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ... ૩

અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય... ૪

તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર... ૫

જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન... ૬

અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય... ૭

એમ મને જાણજો રે, મારાં આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી... ૮

હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વા'લો વરસ્યા અમૃત મેહ... ૯

કવિ : સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી
ગાયક : સાધુ મધુરકીર્તનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૯ : સુખની સીમા રે ગઢપુરવાસી માણે

સુખની સીમા રે, ગઢપુરવાસી માણે... ટેક

લોકડિયાની લાજે બંધાણાં, અવળાને સવળું જાણે... સુખની. ૧

ખટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે... સુખની. ૨

વેદિયા વાદ કરી કરી થાક્યા, અગમ અગાધ વખાણે.. સુખની. ૩

ચતુરાઈએ સ્વપ્નામાં નાવે, ન મળે નટવર નાણે... સુખની. ૪

મુક્તાનંદ એ મર્મ અલૌકિક, પ્રેમી ઉરમાં આણે... સુખની. ૫

કવિ : સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી
ગાયકો : સાધુ સૌમ્યકીર્તનદાસ, સાધુ સારંગકીર્તનદાસ અને ગાયકવૃંદ

# ટ્રેક ૧૦ : માવજી મુજ પર ખૂબ અઢળક ઢળ્યા

માવજી મુજ પર ખૂબ અઢળક ઢળ્યા, માહરું મંદિર ધામ કીધું;
સુખતણા સિંધુ સહેજે મળ્યા શામળો, તમ થકી માહરું કાજ સીધું. ૧

દીન દુર્બળતણી પીડ જાણી તમે, મુજ પર મહેર અતિશે જ કીધી;
દોહ્યલી વેળાના દામ છો નાથજી, શામળા મારી સંભાળ લીધી. ૨

જે સંગ નેહ કર્યો તેને નવ વિસરો, ભક્તવત્સલ તમે અધિક રસિયા;
બિરદ પોતાતણું સત્ય કરવા તમે, માહરે મંદિરે નાથ વસિયા. ૩

આજ અમૃતતણા મેહુલા વરસિયા, ભવ તણી ભાવટ આજ ભાંગી;
આજ મુક્તાનંદ અધિક સુખ ઊપજ્યું, તમ સંગ શ્યામ દૃઢ લગની લાગી. ૪

કવિ : સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી
ગાયક : સાધુ નારાયણકીર્તનદાસ અને ગાયકવૃંદ

## ટ્રેક ૧૧ : આજ આવિયો આનંદ અંગ...

આજ આવિયો આનંદ અંગ, ઉમંગ ઉરે અતિ;
અતિ મળ્યો મોટો સત્સંગ, રંગે રંગાણી મતિ...૧

મતિમાંય મેં કર્યો વિચાર, પાર સંસાર લેવા;
લેવા સુખ સમાગમ સાર, નથી કોયે સંત જેવા...૨

જેવાં લખ્યાં આગમે એંધાણ, તેવા સાચા સંત મળ્યા;
મળ્યા જેથી પ્રગટ પ્રમાણ, પ્રભુજી અઢળ ઢળ્યા...૩

ઢળ્યા જીતના પાસા પુનિત, ચિત્ત તિયાં ચોંટયું સહી;
સહી નિષ્કુળાનંદ કે રીત, પ્રીત મારી તેશું થઈ...૪

## થઈ જીત મારી જગમાંય...

થઈ જીત મારી જગમાંય, સા'ય શ્રીહરિએ કરી;
કરી કૃપા તે કહી ન જાય, ફેરો ના રાખ્યો ફરી...૧

ફરી નોયે ત્રાસ ગર્ભવાસ, દાસ જાણી આણી દયા;
દયાસિંધુ આપ અવિનાશ, દાસ પાસ વાસે રહ્યા...૨

રહ્યા નહિ સંશય કોયે શોક, પ્રગટ પ્રભુને પામી;
પામી વૃત્તિ આનંદ અલોક, કહો કાંઈ રહી ખામી...૩

ખામી વામી ને થઈ છે ખાટ, સુખ મુખે નાવે કહ્યું;
કહ્યું નિષ્કુળાનંદ તે માટ, કાજ આજ સારું થયું... ૪

કવિ : સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી
ગાયકો : સાધુ યોગીપ્રેમદાસ, સાધુ ભજનપ્રિયદાસ અને ગાયકવૃંદ